R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-29 • ISSUE: 01 DATE: 04-01-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## સાઉદી કોર્ટમાં પત્રકાર ખશોગી હત્યા કેસમાં ચાલેલા ખટલામાં પાંચ દોષિતોને ફાંસી અને ત્રણને ૨૪ વર્ષની સજા

અમેરિકી પત્રકાર જમાલ ખશોગીની હત્યા કેસમાં સાઉદી અરેબિયાની ટ્રાયલ કોર્ટમાં ૮ લોકોને દોષિત ઠેરવ્યા હતા.જેમાંથી ૫ આરોપીઓને ફાંસીની સજા અને ત્રણને ૨૪ વર્ષની સજા કરવામાં આવી છે. ખશોગીની હત્યા સાઉદીના કેટલાક લોકોએ કરી હતી.આ કેસમાં કુલ ૧૧ લોકો પર કેસ ચલાવાયો હતો. જો કે તેમના નામનો ખુલાસો કરાયો નથી. ક્રાઉન પ્રિન્સના પુર્વ સલાહકાર સૌદ અલ કહતનીની હત્યામાં સંડોવણી સાબિત થઈ શકી નથી. અમેરિકાએ તેમની સામે કાર્યવાહી કરવાની મંજુરી આપી હતી. ઈસ્તંબુલ સ્થિત સાઉદી કોન્સુલ જનરલ મોહમ્મંદ અલ તૈયબી પણ દોષિત નથી. ચુકાદા બાદ જેમને જેલમાંથી છોડી મુકવામાં આવ્યા હતા.નવ સેશનની સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટ એવા તારણ પર પહોચી હતી કે દોષિતોએ કરેલી હત્યા પુર્વ-પ્રાયોજિત નહોતી.આ કેસની સુનાવણી અત્યંત ગુપ્ત સ્થળે રાખવામાં આવી હતી. અને તેમાં ફક્ત ટોચના રાજકારણીઓ, તથા ખશોગીના પરિવારનો સભ્યોને જ હાજર રહેવા દેવામાં આવ્યા હતા.ખશોગી હત્યા કેસમાં કુસ ૧૧ લોકોની સામે ખટલો ચલાવાયો હતો.ખાશોગી અમેરિકી અખબાર વોશિંગ્ટન પોસ્ટના પત્રકાર હતા. તેમને છેલ્લી વાર ૨ ઓકટો.ના દિવસે ઈસ્તંબુલના સાઉદી અરબના દુતાવાસની બહાર જોવામાં આવ્યા હતા.તેઓ ત્યાં પોતાના લગ્નના જરુરી દસ્તાવેજો લેવા આવ્યા હતા.તેમના



વિવાદાસ્પદ મોત બાદ સાઉદી અરબ દુનીયાના નિશાન પર આવી ગયુ હતું. સાઉદી અરેબિયાએ તેમના ગાયબ થવા અંગે પરસ્પર વિરોધી માહિતી આપી હતી.

## શાંતિ જાળવવાના મુદ્દે ઇન્ટરનેટ સેવા બંધ કરવારા ૧૦ દેશોમાં ભારત સૌથી ઉપરના ક્રમે : ૨૦૧૮માં ભારતમાં ૧૩૪ વખત ઇન્ટરનેટ સેવાઓ સ્થગતિ કરાઇ હતી

ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવા પાછળનું કારણ રાજ્યમાં અને સમગ્ર દેશમાં શાંતિ વ્યવસ્થા જાળવી શકાય.નાગરિકતા બિલ રાજ્યસભામાંથી પસાર થયા બાદ આસામ,મેઘાલય,અરુણાચલ પ્રદેશ અને ત્રિપુરા સહિત પુર્વોત્તર ભારતમાં મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શનો શરુ થયા અને વિરોધ ઉગ્ર બનતો ગયો તેથી રાજ્ય સરકારોએ ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ મુકી દીધો. આજ પ્રમાણે કાશ્મીરમાં ૩૭૦ મી કલમ દુર કર્યા બાદ શાંતિ વ્યવસ્થા જાળવવાના મુદ્દે સરકારે ઈન્ટરનેટ સેવાઓ પ્રતિબંધ મુક્યો હતો જે હજુ સુધી જારી છે.

ભારતમાં અત્યાર સુધીમાં કેટલી વખત ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યં અને ક્યા રાજ્યમાં સૌથી વધુ વખત ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી તેમજ ભારત ઉપરાંત અન્ય કયા દેશોમાં ઈન્ટરનેટ ૫ ૨ કેટલી વખત પ્રતિબંધ લાદવામાં આવ્યો તેની વિશેની માહીતી જોઈએ.

ભારતમાં અત્યાર સુધીમાં વર્ષ ૨૦૧૯ સુધીમાં ૯૧ વખત ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી હતી. આવી બીજી ઘટનાઓમાં ભારત બાદ પાકિસ્તાન બીજા ક્રમે છે. જ્યારે ૨૦૧૮માં ૧૩૪ વખત કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવાયા બાદ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરાઈ હતી. ભારતમાં ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ મુકવા માટે અત્યારે બે કાયદાકીય જોગવાઈ અને એક નિયમાવલી છે. જેમાં કોઈ ઓફ ક્રિમીનિલ પ્રોસીજર ૧૯૭૩, ઈન્ડીયન ટેલીગ્રાફ એક્ટ ૧૮૮૫ અને ટેમ્પરરી સસ્પેશન એક્ટ ઓફ ટેલીકોમ સર્વીસીસ રુલ્સ ૨૦૧૭ સામેલ છે.

Happy New year

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## એપ્રિલ ૨૦૨૦ થી દેશભરમાં વસતી ગણતરી(એનપીઆર)ની પ્રક્રિયાનો આરંભ થશે

નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર સુધારણા પ્રક્રિયાને કેન્દ્રીય પ્રધાનમંડળે મંજુરી આપતાં એપ્રિલ ૨૦૨૦ થી આ પ્રક્રિયાનો પ્રારંભ થશે. આ સુધારણા આસામ સિવાયના દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં શરુ થશે. ભારતમાં રહેતા તમામ લોકોને આ પક્રિયામાં સામેલ કરાશે. વસતી ગણતરી પંચે જણાવ્યા મુજબ દેશમાં રહેલા લોકોની ઓળખનો ડેટાબેઝ તૈયાર થશે.આ ડેટાબેઝમાં ડેમોગ્રાફિક તેમજ બાયોમેટ્રીક માહીતી એકઠી કરાય છે. ભારતના કોઈપણ વિસ્તારમાં ૬ મહિના કે તેથી વધુ સમયથી રહેતા વ્યક્તિએ નેશનલ રજીસ્ટર ઓફ સીટીજન્સના અમલ તરફના પહેલા પગલાં તરીકે જોવામાં આવી રહ્યું છે. એનપીઆર સુધારણા પ્રક્રીયાને મોદી સરકાર દ્વારા પ્રસ્તાવિક એનઆરસીની પ્રક્રિયા સાથે પણ જોડી દેવાઈ છે. સીએએ અને એનઆરસી વિરોધમાં દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે.ત્યાં એનપીઆરનો નવો મુદ્દો ચર્ચામાં રહેશે.

## સ્વિસ ખાતાધારકોની વિગતો જાહેર કરવાનો સરકારનો ઇન્કાર : વિદેશોમાંથી કેટલું કાળુ નાણું પરત આવ્યુ તેની માહિતી પર નહીં મળે

કેન્દ્ર સરકારે ભારતીય સ્વીસ બેન્કોના ખાતાધારકોની માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે. આરટીઆઈ અરજીનો જવાબ આપતાં નાણાં મંત્રાલયે કહ્યુ કે ભારત અને સ્વીત્ઝર્લેન્ડ વચ્ચે થયેલી સંધિની ગુપ્ત જોગવાઈઓ હેઠળ ભારતીય ખાતાધારકો તથા પરત આવેલા કાળા નાણાંની વિગતો આપવી શક્ય નથી.ભારતીય ખાતાધારકોની વિગતો પણ સંધિ હેઠળ સુરક્ષિત કરી દેવાઈ છે. નાણાં મંત્રાલયે વિદેશમાંથી મળેલ બ્લેક મનીની વિગતો જાહેર કરવાનો પણ ધરાર ઈન્કાર કરી દીધો છે.મંત્રાલયે જણાવ્યુ કે સંધિની કલમ૮(૧) હેઠળ ભારતની એકતા અને અખંડિતતાને નુકશાન પહોચે અથવા રાષ્ટ્રની સુરક્ષા, આર્થિક સ્થિતિ અથવા તો બહારના દેશો સાથેના સબંધો પર અવળી અસર પડે તેવીકોઈપણ માહિતી જાહેર કરવી સંધિના ભંગ સમાન છે. એક પત્રકારે આરટીઆઈ અરજી કરીને સરકાર પાસેથી સ્વીસ ખાતાધારકો અને બ્લેક મનીની વિગતો માંગી હતી. પત્રકારે નાણાંમંત્રાલય પાસેથી જાણવા માંગ્યુ હતું કે સ્વિસ બેન્કમાં ભારતીય ખાતાધારોની સંખ્યા કેટલી છે.તેમણે વિદેશમાંથી આવેલ બ્લેક મનીની વિગતો પણ માંગી હતી.

તાજેતરમાં સ્વિસ નેશનલ બેન્કે એવી જાહેરાત કરી હતી કે બેન્કોમાં વર્ષ ૨૦૧૭માં ભારતીયોની જમા રકમમાં૫૦ ટકાનો ઉછાળો આવ્યો છે. અધિકૃત રીતે ત્યાં ભારતીયોની જમા રકમ લગભગ ૭૦૦૦ કરોડ થઈ છે. જો કે આંકડા અનુસાર સ્વિસ બેન્કોમાં જમા વિદેશી રુપીયામાં ફકત ૦.૦૭ ટકા રુપીયા ભારતીયોના છે.ઓક્ટો. પહેલાં અઠવાડિયામાં સ્વીસ બેન્કે ભારતીય ખાતાધારકોની પહેલી યાદી સરકારને સોપી હતી. ઓટોમેટીક એક્સચેન્જ ઓફ ઈન્ફોર્મેશનની નવી વ્યવસ્થા હેઠળ આ યાદી અપાઈ હતી. સ્વિત્ઝર્લેન્ડના ફેડરલ ટેક્સ એડમિસનિસ્ટેટરે ૭૫ દેશોને વૈશ્વિક માપદંડો હેઠળ નાણાંકીય ખાતાની વિગતોનું આદાન પ્રદાન કર્યુ હતું. એફટીએ સ્પષ્ટ જણાવ્યુ હતું કે માહિતી આદાનપ્રદાન પર ગોપનિયતાની જોગવાઈ હેઠળ દેખરેખ રાખવામાં આવશે.એફટીએ એ ભાગીદાર દેશોના ૩૧ લાખ નાણાંકીય ખાતાઓની માહિતી જાહેર કરી હતી. જાહેર કરવામાં આવેલી માહિતીમાં ખાતાધારકનું નામ,દેશ,સ્થળ,સરનામું તથા ટેક્સ ઓળખ નંબર સામેલ હતો.

જો કે હાલની કેન્દ્ર સરકારે દેશની જનતા સમક્ષ આવા ખાતેદારો અને તેમના નાણાં પરત લાવવાની મોટી મોટી વાતો કરી હતી. પરંતુ આખરે ગોપનીયતાના નામે બધાજ વચનો પોકળ સાબિત થયા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ઉત્તર ભારતમાં શીત લહેર વધુ કાતિલ બની છે. સિઝનની સૌથી વધુ ઠંડી દિલ્હીમાં પડી હોવાને કારણે રાજધાનીમાં હડકંપ મચી ગયો છે. ઉત્તરભારતના મેદાની ઈલાકાઓ ઠંડીથી ધ્રુજી રહ્યા છે. રાજસ્થાનમાં આવેલા હિલસ્ટેશન માઉન્ટ આબુમાં માઈનસ ડીગ્રી તાપમાન નોધાયું છે. પાણી બરફમાં ફેરવાયું છે. કાશ્મીરમાં માઈનસ ડીગ્રી પારો પહોચી ગયો છે. દિલ્હીનો ઠંડીનો ૧૧૮ વર્ષનો રેકોર્ડ તુટી ગયો. વાહનવ્યવહાર પર અસરો પહોચી છે. ધુમ્મસના કારણે વિમાન અને રેલવે સેવાઓને અસર થઈ છે.આમ ઉત્તર ભારત શીત લહેરથી ભારે પ્રભાવિત થયું છે. ૨૦૧૯નું વર્ષ સમાપ્ત થઈ ગયું છે. સારા નરસા પ્રસંગો હવે ભુતકાળ બની ગયા છે. ૨૦૨૦નું નવું વર્ષ આવી ગયું છે. સમગ્ર વિશ્વમાં આર્થિક મંદીના ઓળા ઉતરી આવ્યા છે. ભારત તેમાં બાકાત નથી. આર્થિક મંદીના ભરડામાં સપડાયેલ દેશ માટે આવનારા દિવસો અને કપરી સમસ્યાઓ વિકરાળ બની ના રહે માટે સજાગ બનવાનું છે. કેટલાક ખોટા નિર્ણયો હજું પણ દેશને નડી રહ્યા છે. પરંતુ સત્તા સ્થાને બેઠેલા લોકોને હજુ તેની અસરો વર્તાતી નથી. કેટલાક મોટા એકમો માંદા પડ્યા છે અને તેમના હવે છેલ્લી ઘડીના ઉપાયો હાથ ધરવાના છે જો કે હજુ પણ તેમના માટે ઉપાયો કારાગત નીવડશે કે કેમ તે હજુ નક્કી નથી. બેરોજગારી દેશની સૌથી મોટી સમસ્યા છે તેમાં આર્થિક મંદીના કારણે મોટા ઉદ્યોગો મરણ પથારીએ પડયા છે અને નવી રોજગારી ઉભી થઈ શકે તેમ નથી.

## મંતવ્ય

કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયે ભારતીયો દ્વારા સ્વિત્ઝર્લૅન્ડનીબિન્કોમાં જમા કરાવેલ કાળુ નાણું પરત લાવવા અને તેને જાહેર કરવાનો ઈન્કા કર્યો છે. ૨૦૧૪માં વિદેશી બેન્કોમાં ભારતમાં કમાયેલું ધન સ્વીસ બેન્કોમાં જમા કરાવીને દેશ સાથે ગદારી કરનારા લોકોને ખુલ્લા પાડવાનું અને તે ધનથી દેશનો વિકાસ કરવાનું તેમજ દેશના નાગરિકોના ખાતામાં ૧૫ લાખ જમા કરાવવાનું વચન આપેલું તે પોકળ સાબિત થયું છે. વર્તમાન સરકારે હવે આ મામલે પોતાની પીઠ ફેરવી લીધી છે.જેમાં જે કારણ દર્શાવાયું છે તે તે છે કે ભારત અને સ્વીસ સત્તાવાળાઓ સાથે થયેલ સંધિના પગલે આ માહિતી આપી શકાય તેમ નથી. માહિતી મેળવવાના અધિકાર અન્વયે દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં સરકારે કહ્યુ છે કે આરટીઆઈની કલમ ૮(૧)(એ) હેઠળ ભારતની અખંડિતતા અને સાર્વભૌમત્વને અસર કરે તેવી માહિતી જાહેર કરવા પર પ્રતિબંધ છે. આ ઉપરાંત દેશની સલામતી,વ્યુહાત્મકતા અને આર્થિક હિતો હોય તેવી માહિતી પણ ન આપી શકાય. તેમજ વિદેશી સરકારો સાથેના સબંધો ખરાબ થઈ શકે અથવા તેના કારણે ગુનો સર્જાઈ શકે તેવી માહિતી પણ આ કલમ હેઠળ આપી શકાય નહીં.વર્તમાન સરકારે સત્તા મળી તે પહેલાં દેશના નાગરિકોને કેટલાક વાયદા કર્યા હતા. તે પૈકીનો આ એક વાયદો વિદેશમાંથી ધન પરત લાવવાની વાત હતી. આ બાબતે સંસદમાં પણ સરકારે ઘણી વાર નિવેદનો કર્યા હતા જો કે સરકાર આ બાબતે વાયદામાંથી નામુક્કર થઈ છે.

મૌલિક કે. વ્યાસ


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# વિદેશોમાં પણ નાગરિકતા સંશોધન કાયદાનો વિરોધ અને મોદી સરકારની નિષ્ફળતા ગણાવાઇ




બ્રિટન સ્થિત ભારતીય દુતાવાસ સમક્ષ વિવિધ ગ્રુપ્સના લોકો એકત્રીત થયા હતા. અને ભારતીય સંસદમાં પસાર કરાયેલા સીટીઝનશીપ એમેન્ડમેન્ટ બિલનો વિરોધ કર્યો હતો. આ પહેલા અમેરિકામાં વિવિધ સંગઠનો દ્વારા આ બિલનો વિરોધ થયો હતો.વિરોધની સાથે સાથે આ સંગઠનોએ મોદી સરકારની નિષ્ફળતા ગણાવી હતી.અહીં આસામી મુળના લોકો પરંપરાગત આસામી પહેરવેશમાં સજ્જ થઈને દેખાવો કર્યા હતા.જેમાં બાળકો પણ સામેલ હતા.આસામી ભાષામાં લખેલા પ્લેકાર્ડ હાથમાં રાખીને તેઓ વિરોધ કરી રહ્યા હતા. જેમાં કેટલાક અંગ્રેજીમાં લખેલા પ્લેકાર્ડ પણ હતા જેમાં લખ્યું હતું કે સેવ ડેમોક્રેસી,સ્ટોપ કેબ, શાંતિપુર્ણ રીતે થયેલા આ દેખાવોમાં કેટલાક લોકોએ નાગરિકતા સંશોધન કાયદાના વિરોધમાં નારા લગાવ્યા હતા.એક એક્ટીવિસ્ટે કહ્યુ હતું કે આસામ એક છે અને કેબ વિભાજનકારી છે. વિભાજનને ના કહો અને એકતાને આવકારો. આ ઉપરાંત ઈન્ડીયન ઓવરસીઝ કોગ્રેસ યુકે ચેપ્ટર દ્વારા ભારત બચાવો રેલીનું આયોજન કરાયું હતું. અને નવી દિલ્હી અને સમગ્ર દુનિયામાં થયેલા દેખાવોને સમર્થન આપ્યુ હતું. આઈઓસી યુકેના પ્રવક્તાએ કહ્યુ હતું કે આ રેલી મોદી સરકારની નિષ્ફળતાઓના વિરોધમાં છે.જેમાં અર્થવ્યવસ્થાની કટોકટી,વધુ બેરોજગારી,ખેડુતોની સમસ્યા અને વિભાજનકારી રાજનીતિ જેવા મુદ્દે વિરોધ કરવામાં આવી રહ્યો છે.

# પાન નંબરને આધાર સાથે જોડવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ,૨૦૨૦

આ વર્ષના અંત સુધીમાં એટલે કે ૩૧ ડિસેમ્બર,૨૦૧૯ સુધીમાં પાન નંબરને આધાર સાથે લિન્ક કરવું ફરજીયાત હતુ.પરંતુ હવે આ મુદતને ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. આવક વેરા વિભાગે કહ્યુ હતું કે ઉત્તમ ભવિષ્ય માટે આ પ્રક્રિયા પુરી કરી લેવી જોઈએ. આવકવેરા સેવાઓનો લાભ કોઈ મુશ્કેલી વિના ઉઠાવવા માટે ૩૧ ડિસેમ્બર,૨૦૧૯ સુધીમાં લિન્કીંગની જરુરી પ્રક્રિયા પુરી કરવા વિભાગે જણાવ્યુ હતું.પરંતુ આવકવેરા વિભાગે આ અંગેની સમય મર્યાદા પુરી થવાના એક પખવાડિયા અગાઉ જાહેર નોટિસ જારી કરી હતી પરંતુ તેને હવે લંબાવી દેવામાં આવી છે અને કહ્યુ છે કે બંને દસ્તાવેજો લિન્ક કરવા ફરજીયાત છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેક્ટ ટેકસીસ એ આ વર્ષે સપ્ટે.માં એક આદેશ જારી કરીને પરમેનેન્ટ એકાઉન્ટ નંબર(પાન)ને આધાર સાથે જોડવા માટે ડેડલાઈન ૩૧ ડિસેમ્બર સુધી વધારવાની જાહેરાત કરી હતી. હવે આ ડેડ લાઈન ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીની કરવામાં આવી છે. આ અગાઉ આ બંને દસ્તાવેજોની લિન્ક કરાવવાની સમયમર્યાદા ૩૧ ડિસેમ્બર સુધીની હતી.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# વડીલો-વૃધ્ધોની દરકાર અને સારસંભાળ માનવસંસ્કૃતિને ગૌરવવંતી બનાવે છે (અથવા વડીલો - વૃધ્ધોની દરકાર ને સારસંભાળ માનવસંસ્કૃતિને ગૌરવ બક્ષે છે

(૪થી માર્ચ વેટીકન સેંટ પીટર્સ મહાદેવાલયના વિશાળ પ્રાંગણમાં માનવસમુદાયને સંબોધતા ના.પોપ ફ્રાંસિસે અર્વાચીન સંસ્કૃતિ (વિચારસરણી)કે જે વૃધ્ધો તથા વડીલોની ઉપેક્ષા કરે છે અને તેમની સંભાળ લેવામાં બેદરકારી દાખવે છે તેના પ્રતિ સૌનું ધ્યાન ખેંચ્યુ હતં ને કહ્યુ : વડીલો-વૃધ્ધોની દરકાર અને સારસંભાલ માનવસંસ્કૃતિને ગૌરવવંતી બનાવે છે. એમણે આગામી સપ્તાહ વૃધ્ધોને અર્પણ કરી એ દિવસો દરમ્યાન એકઠા મળેલ સૌને આ બાબતે મનન ચિંતન કરવા અપીલ કરી હતી.)

વ્હાલા બંધુ ભગિની,

આજે મારા પ્રબોધમાં તથા આવતા બુધવારે આપણે સૌ ભેગા મળીને આપણા પરિવારજનોના વૃધ્ધજનો અર્થાત આપણા દાદા-દાદી,અંકલ-આન્ટી વિશે થોડીક વાતો કરીએ ને તેમને વૃધ્ધાવસ્થામાં નડતી સમસ્યાઓ પર વિચાર કરીને તેના ઉકેલો શોધી કાઢીએ એવી મારી તીવ્ર ઇચ્છા છે. આવતા બુધવારે આપણે તેમના જીવનના આ તબક્કે આપણી ભુમિકા શી હોઇ શકે યા ને શી હોવી જોઇએ તેની થોડીક વાતો કરીશું.

વૈધકીય ક્ષેત્રે થયેલી અભુતપુર્વ પ્રગતિએ આપણું આયુષ્ય લંબાવ્યુ છે એ હકીકત છે પરંતુ , એને કારણે મોટી ઉંમરે પહોચેલ કૌટુંબિક સભ્યોની સંખ્યા પણ વધતી જવા લાગી છે.કમનસીબ એ છે કે આપણા માનવ સમાજે સૌ સમાજમાં સ્વમાનભેર જીવી શકે તથા તેમની યોગ્ય દરકાર લેવાય એવી કશી વ્યવસ્થા કરી નથી કે એવું કોઇ માળખું વિકસાવ્યું નથી.આપણે જ્યારે યુવાવસ્થામાં હોઇએ છીએ ત્યારે જવલ્લેજ વૃધ્ધાવસ્થાનો વિચાર કરીએ છીએ ; એટલું જ નહીં તે એક રોગ હોય તેમ તેને ટાળીએ છીએ.પરંતુ જ્યારે આપણે પોતે વૃધ્ધાવસ્થાએ પહોચીએ છીએ - ખાસ કરીને તો આપણે ગરીબ હોઇએ,બીમાર પડીએ ને એકલતા અનુભવતા હોઇએ ત્યારે જ ચોપાસના આપણા સમાજનું વલણ કેવું છે તેનો આપણને સાચો ખ્યાલ આવે છે. તથા દુઃખ થાય છે.અર્વાચીન સમાજ એફીસીએન્સી(જીવનમાં સિધ્ધી અને સફળતા)પાછળ ગાંડો થઇ ગયો છે તેને એમ લાગે છે કે વૃધ્ધો તેમાં બાધારુપ છે,બીનઉપજાઉ અને તેથી સમાજને બોજારુપ છે. મારે આપ સૌને કહેવું છે કે સમાજની ગુણવત્તા તે પોતાના વડીલો ને વૃધ્ધો પ્રત્યે કેવું વલણ ધરાવે છે,તેમની કેવી ને કેટલી કાળજી લે છે,સંભાળ રાખે છે તથા સમાજમાં તેમને કેવું સ્થાન આપે છે તેના પરથી નક્કી થાય છે.બેલાશક, વૃધ્ધો અને વડીલોની પુરતી દરકાર લેવી એ કોઇપણ સંસ્કૃતિ ઉપર શુભ અસર કરે છે.આપણે હવે પ્રશ્ન કરીએ : આધુનિક સમાજમાં વૃધ્ધોની પુરતી કાળજી રખાય છે ? સમાજમાં વૃધ્ધો ને વડીલો માટે કોઇ સ્થાન છે ખરુ ? આપણો સમાજ ત્યારે જ આગળ આવશે ને સાચી પ્રગતિ ત્યારે જ કરશે જ્યારે તે તેના વડીલો વૃધ્ધોનું માન સન્માન જાળવવું ને તેમની કાળજી લેવી તે શીખશે તથા તેને આચરણમાં મુકશે. જે સમાજ વૃધ્ધો અને વડીલોમાં ડહાપણ નિહાળી શકે છે અને તેમના જીવનના દીર્ઘ અનુભવોની કદર કરી જાણે છે તેવો માનવ સમાજ પ્રગતિના પંથે વળશે.એથી ઉલ્ટું જે સમાજમાં આની ઉણપ ને ખોટ છે તેનો વિનાશ થશે એ પણ એટલું જ નક્કી છે ને એમાં લગીરે શંકા નથી.જે સમાજમાં વૃધ્ધો માટે કોઇ સ્થાન નતી, વૃધ્ધો ખોટી અડચણો ને નકામી માથાકુટ કરે છે,સમસ્યાઓ પેદા કરે છે, મુસીબતો પેદા કરે છે વગેરે કહીને તેમની ફેંકી દે છે, તરછોડે છે તેવો માનવ સમાજ રોગી છે.એવો માનવ સમાજ પોતાનામાં મોતના ઝેરી જીવલેણ જંતુઓનો ઉછેર કરતો હોઇ અંતે તેનો ભોગ બની જાય છે, ખતમ થઇ જાય છે.

પશ્ચિમના દેશોમાં વૈજ્ઞાનિકો આધુનિક યુગને મરણ પથારીએ પડેલો -માંદો વયોવૃધ્ધ યુગ તરીકે ઓળખાવે છે.કારણ એમાં બાળકોની સંખ્યા ઘટતી જાય છે અને મોટી વયના લોકની સંખ્યા ઉત્તરોત્તર વધવા લાગી છે. આ અસમતોલન આપણી સામે ખરેખર તો એક પડકાર છે.અર્વાચીન પેઢી પૈસા ભેગા કરવાની લાલસા અને ગાંડપણમાં આંધળી બનીને વૃધ્ધોને સમાજ પર બોજો ગણે છે ને તેમની અવગણના કરે છે અને તેમના પ્રતિ ઉદાસીનતા દાખવે છે. અર્વાચીન પેઢી એવું માને છે કે વૃધ્ધો બિનઉપજાવું છે એટલુંજ નહીં બોજો છે.ટુંકમાં આવી વિચારસરણીનું દુષ્પરિણામ એવું છે કે તેમને તરછોડી દેવામાં આવે છે.ક્રુરતાને પણ હદ હોય છે !આ તો રોજીંદી ઘટના બની ગઇ છે.કમનસીબી એ છે કે આ પ્રકારની વિચારસરણીને વળગી રહેવું એ તદ્દન અયોગ્ય છે છતાં આપણે તેને છોડતા નથી અને વૃધ્ધો પર ક્રુરતા આચરવાનું ચાલુ રાખીએ છીએ.આની તેમના ઉપર કેવી અસર પડે છે તેનાથી આપણે સાવ અજાણ છીએ. વૃધ્ધો એવું માની લે છે કે હવે મારુ કોઇ નથી,હું અનાથ અને નિરાધાર બની ગયો છું.તેમની ચિંતાઓમાં આપણે ઉમેરો કરીએ છીએ.

આ વાસ્તવિકતા છે,માત્ર કલ્પના નથી. હું બુએનો આઇરેસમાં હતો ત્યારે આ મારી સગી આંકેએ આ બધું જોયું.વડીલોની અવગણના થતી હતી તેનું કારણ આર્થિ સગવડ નહોતી એવું નહોતું.પૈસેટકે સુખી હતા તેઓ પણ તેમના વડીલો સાથે આવો વહેવાર કરતા હતા. વૃધ્ધોની મર્યાદાઓની અવગણના કરવી એ બાબત તો આપણી પોતાની મર્યાદાઓ ઉઘાડી પાડે છે.આજનો ઉપભોક્તા સમાજ એવું કહે છે કે કેવળ યુવાવર્ગને જ જીવનમાં સુખ અને આનંદ માણવાનો અધિકાર છે,વૃધ્ધોને નહીં. હકીકતે તો સમાજમાં ડહાપણના ભંડારો છે . જ્યારે આપણામાં સ્નેહ ચુકાઇ જાય છે ત્યારે આપણી લાગણીઓ પણ બહેરી થઇ જઇને તેની સંવેદના ગુમાવી બેસે છે. આપણને લાગણીહિન બનાવી દે છે.

હું જ્યારે ત્યાં વૃધ્ધાશ્રમોની મુલાકાતે જતો ને ત્યાંના અંતેવાસીઓને મળતો તથા તેમની ખબરઅંતર કાઢીને તેમને પુછતો કે તમારે સંતાનો છે, કેટલાં છે,તેઓ તમને મળવા આવે છે ?તો જવાબ મળતો કે હા બાળકો છે ને મળવા પણ આવે છે. એક દિવસ એક વૃધ્ધ બહેને મને કહ્યુ : હા, મળવા ચોક્કસ આવેછે. નાતાલ વખતે મળવા આવેલા પછી નથી આવ્યા. હું તેમને મળ્યો ત્યારે ઓગષ્ટ મહીનો ચાલતો હતો. મહિનાઓ સુધી કોઇ જ આવેલું નહી. આપણે કલ્પી શકીએ આ બહેનની વ્યથા. આ તો ઘોર પાપ ગણાય, સમજાયછે ?

હુ નાનો હતો ત્યારે મારા દાદીએ એક વાર્તા કહેલી તે મને બરાબર યાદ છે.એક કુટુંબમાં બધા જમવા બેઠા હતા. જમતી વેળાએ વૃધ્ધ દાદાના હાથમાંથી સુપનો વાટકો મોમાં મુકતા તેમના હાથ હલી ગયા ને સુપ ટેબલ પર ઢળી ગયું. ને ટેબલ મેલું થયું. તેમના દીકરાએ, કે જે ઘરનો વડીલ હતો, તેણે આ જોયુ ને ફરીથી ટેબલ મેલું ના થાય તથા મહેમાનો આવ્યા હોય તેમના પર ખોટી છાપ ના પડે એ માટે દાદા માટે એક નાનું બીજુ ટેબલ બનાવડાવ્યું. અને હવે પછી તે રસોડામાં જઇને જુદા બેસીને જમે એવું કહ્યું. થોડા દિવસ બાદ નોકરીમાંથી સાંજે ઘેર આવતાં તેમણે જોયું કે નાના બાબો હથોડો લઇને એક લાકડાના પાટીયા પર ખીટીંઓ લગાવીને કશું ક બનાવતો હતો.તેમને કુતુહલ થયું ને બાબાને પુછ્યુ બેટા તું શું કરે છે ? તેણે જવાબ આપ્યો : પપ્પા હું એક ટેબલ બનાવુ છું. શા માટે ? તો બાબાએ ફટ દને કહ્યુ તમે જ્યારે ઘરડા થાવ ત્યારે જુદા બેસીને જમો ને અમારુ ડાઇનીંગ ટેબલ મેલું ના કરો એ માટે આ ટેબલ બનાવું છું. નાના બાળકો ઘરમાં શું બને છે તે ધ્યાનથી જુએ છે.

ધર્મસભામાં એવં ઘણુ બધુ એકઠું કરેલું છે, જે વડીલો પ્રત્યે આપણું વલણ અને વ્યવહાર કેવો હોવો જોઇએ તે આપણને શીખવે છે.પાછલી વયે વડીલો-વૃધ્ધોને તો વધુ સ્નેહ ને સહાનુભુતિની જરુર પડે છે. એ ના મળે તો એમની લાગણીઓ બહુ દુભાય છે. ધર્મસભા બાઇબલમાંથી પ્રેરણા લે છે. દા.ત.ઉપદેશમાળા ગ્રંથમાં લખેલું છે : વૃધ્ધોના વચનોની અવગણના ન કરવી કારણ તેઓ પણ પોતાના વડવા પાસે શીખ્યા છે. તેમની પાસેથી તને સમજણ મળશે.અને પ્રસંગ આવ્યે કેમ જવાબ આપવો તે તું જાણવા પામશે.(ઉપદેશમાળા:૮:૯)

ધર્મસભા વડીલો ને વૃધ્ધો પ્રત્યે નકારાત્મક ઉપેક્ષાયુક્ત વલણ દાખવી ના શકે અને એવું થવા દે તે ચલાવી પણ ન લે. આપણે સૌએ તેમના પ્રત્યે કુણી લાગણીઓ કેળવવી જોઇએ છે.જીવનમાં તેમણે પરિવારોમાં જે કંઇ પ્રદાન કર્યું છે તે બહુ કીમતી છે. એટલે તેની કદર કરીને તેમનો આભાર માનવો જોઇએ છે.તેમને પ્રેમ અને સ્નેહપુર્વક બધે આવકાર આપવો જોઇએ ને આપણા માનવ સમાજના જ અંગો ગણવા જોઇએ. તેમની લાગણી ક્યારેય ના દુભાય એની ખાસ કાળજી રાખવી જોઇએ.

વડીલો એટલે બીજા કોઇ નહીં પણ આપણા માતપિતા કે જેઓ આ જગતના રસ્તે આપણી પહેલા પગ મુક્યો હતો.ને આપણા ઘરમાં પ્રવેશ કર્યો હતો. તથા જેઓ આદર્શ નમુનેદાર જીવન જીવવા વિવિધ ક્ષેત્ર ઝઝુમ્યા હતા તેઓ છે. તેમની પાસેથી આપણે ઘણું મેળવ્યુ છે. વડીલો પારકા નથી. વાસ્તવમાં ઇચ્છા અનિચ્છાએ આપણે પોતે પણ નજીકના ભવિષ્યમાં પારકા બનવાના છીએ.આપણે જો વડીલોની ઉપેક્ષા ને અવગણના કરીશું તો એક દિવસ આપણી પણ એવી અવદશા થશે.વડીલો સાથેનો આજનો આપણો વ્યવહાર એફ.ડી છે.જેનું વ્યાજ આપણને ભવિષ્યમાં મળશે એ ભુલીએ નહી.

અમે સૌ વૃધ્ધો ઘણા નાજુક છીએ. કેટલાક તો શારીરીક નબળાઇથી પીડાય છે.ઘણા એકલતા અનુભવે છે અને ઘણા બધા બીમારીમાં સપડાયા છે.કેટલાક તો સાવ પરાધિન બની ગયા છે.ને તેમની બધી જરુરીયાતો માટેબીજાની ઉપર આધાર રાખવો પડે છે.શું આપણે આપણી તેમના પ્રત્યેની ફરજોમાંથી પીછેહટ કરીશું.તેમને તરછોડી દઇશું? કોઇપણ સમજા કે જેમાં સાથ-સહવાસ,કૃતજ્ઞતા અને સ્નેહનો અભાવ છે તેનો વિનાશ નક્કી છે.એવો સમાજ નર્ક સમાન છે.ધર્મસભા એવા સમાજને માન્યતા કદાપિ આપી શકે નહી અને એવા ખ્રિસ્તી સમુહો કે જેમાં સ્નેહ,સહાનુભુતિ ને કૃતજ્ઞતાની ગેરહાજરી છે, તેનો વિનાશ પણ નક્કી છે. જ્યાં વડીલો ને વૃધ્ધો પ્રતિ ઉદાસીનતા દાખવવામાં આવે છે તેમનું માનસન્માન થતું નથી એવા ઇસાઇ સમુહોમાં મને કહેવાદો કે યુવાવર્ગ માટે પણ કોઇ ભાવિ નથી.

અંતે આજે યુરોપના વિવિધ દેશોમાંથી અહીં આવેલ સૌ યાત્રિકોને ભગવાન ઇસુના આર્શીવાદ પાઠવુ છું ઇસુએ તો હંમેશા તે આપણી સાથે છે ને સદાય રહેશે એવા વચનો ઉચ્ચારીને આપણા સુહને તેના સાનિધ્યની ખાત્રી આપી છે.આપણે તેમના પર અખુટ શ્રધ્ધા રાખીએ અને એમના પ્રેમની સુહને, ખાસ કરીને તો વૃધ્ધો અને વડીલોને લ્હાણી કરતા રહીએ તેવી તમ સૌને મારી શુભેચ્છા.

:ભાવાનુવાદઃ

ફાધર વિલિયમ(રિશ્તા)

નોધ : ફાધર વિલિયમ અત્યારે આપણે વચ્ચે નથી.એમણે આ લેખ ઉપર રિમાર્ક લખીને મોકલ્યો હતો કે “સુચના આવે પછી છાપવાનો છે” કમનસીબે સુચના મળી નહી.તેથી તેમની ગેરહાજરીમાં આ લેખ છાપવા માટે લઉ છું.અત્યારની સાંપ્રત સ્થિતિમાં વૃધ્ધો અને વડીલોની દયામણી સ્થિતિ માટે આ લેખનો તરજુમો વાચકોને ગમશે તેવું હું માનુ છું.સાથે સાથે આવા અનેક સામાજીક ઉપયોગી ધરાવતા લેખો અને અનુવાદો ફાધર વિલિયમે અમારા સામયિકોને પુરા પાડ્યા છે તે માટે તેમનો ઋણસ્વીકાર કરુ છુ.તેમની ગેરહાજરી અને માર્ગદર્શન વિના શુન્યઅવકાશ ઊભો થયો હોય તેવો અહેસાસ થાય છે. પરંતુ તેનો આદર કરીએ છીએ.

## ૨૦૧૯ની સાલને અલવિદા ..૨૦૨૦ ની સાલનું આગમન અસહ્ય મોંઘવારી લઇને આવ્યું

૨૦૧૯ની સાલમાં મોંઘવારી વધી હતી અને સામાન્ય લોકોને બે છેડા ભેગા કરતાં ભારે મહેનત કરવી પડતી હતી ત્યાં સાલના અંતમાં મોંઘવારીની ગાડીએ એકદમ ગીયર બદલ્યો અને ઉછાળા મારતી મોંઘવારી વધી. ટ્રેનોના ભાડાનો વધારો આવ્યો.ગેસમાં વધારો આવ્યો, તેલના ભાવો કુદકે અને ભુસકે વધ્યા.રોજબરોજની ચીજવસ્તુઓ અને શાકભાજીના ભાવો ખરેખર સામાન્ય અને મધ્યમવર્ગની મહિલાઓને દઝાડી રહ્યા છે. હજુ બજેટ આવવાનું બાકી છે ત્યાંર પહેલાં પાછલા બારણે કેટલીક ચીજવસ્તુઓના ભાવો સરકારે પહેલેથી જ વધારી દીધા. આ એજ વડાપ્રધાન છે જેઓ યુપીએ સરકારને મોંઘવારીના મુદ્દે ભાંડતા હતા. અને હવે તેઓના જ હાથ નીચે દેશની જનતાને ભાવવધારાના પકોડા ખવડાવવામાં આવી રહ્યા છે.એક ચીજનો ભાવ વધારો હંમેશા અન્ય ચીજોના ભાવ વધારાને નોતરે છે.સીંગતેલમાં આગઝરતી તેજી,દુધમાં ભાવ વધારો, ડુંગળી-લસણના ભાવો આસમાને, ગેસના ભાવો માં વધારો, ટ્રેનના ભાડામાં વધારો, હવે કોઇને કોઇ વસ્તુ બાકી નહીં રહે જેમાં ભાવ વધારો થશે નહીં.સરકાર આર્થિક મોરચે નિષ્ફળ ગઇ છે છતાં તેમના પેટનું પાણી હાલતું નથી. ચારેબાજુ કૌભાંડો દેખાયા કરે છે અને પોતે સ્વચ્છ હોવાનો દાવો કરતા રહે છે. સરકારના તમામ પગલાં તુક્કાથી વિશેષ નથી.

# પાકિસ્તાનમાં ધાર્મિક લઘુમતીઓ સાથે ભેદભાવ યુક્ત વર્તનઃ ખ્રિસ્તી તેમજ હિંદુ મહિલાઓનું અપહરણ કરીને બળજબરીથી ધર્માંતરણ કરાવવામાં આવી રહ્યું છે

સંયુક્ત રાષ્ટ્રની કમિશન ઓન સ્ટેટસ ઓફ વિમેન ના રિપોર્ટમાં ચોંકાવનારી વિગતોનો ખુલાસો થયો છે. પાકિસ્તાનમાં ઈમરાનખાનના રાજ્યમાં ધાર્મિક સ્વતંત્રતા ખાડે ગઈ છે અને ખ્રિસ્તી તેમજ હિંદુ મહિલાઓનું અપહરણ કરીને તેમનું બળજબરીથી ધર્માંતરણ કરાવવામાં આવી રહ્યું છે.હિન્દુ લઘુમતીઓ પ્રત્યે ભેદભાવ રાખીને તેમને ટાર્ગેટ બનાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાના મતે પાક.માં ધાર્મિક સ્વતંત્રતા સતત કથળી ગઈ છે. પંજાબ અને સિંધ પ્રાંતમાં ખાસ કરીને હિન્દુ અને ખ્રિસ્તી સમુદાયની મહિલાઓ,યુવતીઓ અને અન્ય લોકો ખતરામાં છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની સગીર મહિલાઓના અપહરણ કરીને ધર્મ પરિવર્તન કરાવ્યા પછી મુસ્લીમ યુવકો સાથે લગ્ન કરાવી નાંખવામાં આવે છે.આ પછી તેને માટે પરિવાર પાસે પાછા જવાનું મુશ્કેલ બને છે.

ધાર્મિક સ્વતંત્રતા પર હુમલો નામના ૪૭ પાનાના રિપોર્ટમાં આ ખુલાસો કરાયો છે. સીએસડબલ્યુએ આ રિપોર્ટમાં પાક.માં ઈશ્વરનિંદા અને અહમદિયા વિરોધી કાયદા મુદ્દે વધતી જતી રાજનીતિ સામે ચિંતા વ્યક્ત કરી છે. આ કાયદાનો ઉપયોગ કટ્ટરપંથી ઈસ્લામી સંગઠન દ્વારા લઘુમતીઓને મારવા માટે જ નહીં પણ રાજકારણમાં સ્થાન મેળવવા માટે હથિયાર તરીકે પણ થાય છે.

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ સરકાર દ્વારા ભેદભાવપુર્વ કાનુનથી ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કરીને અંતિમવાદી માનસિકતાને મજબુત બનાવી છે. સંયુક્ત રાષ્ટ્ર આયોગે જણાવ્યુ છે કે ઈસ્લામી રાષ્ટ્રમાં ખ્રિસ્તી અને હિંદુ સમુદાય વિશેષ રીતે કમજોર છે. ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ સતત અત્યાચારનો ભોગ બનતી રહે છે. પ્રતિ વર્ષ અસંખ્ય યુવતીઓના અપહરણ કરવામાં આવે છે. અને તેમને મુસ્લીમ યુવકો સાથે લગ્ન કરવા મજબુર કરવામાં આવે છે. પીડીત યુવતીઓ અને તેમના પરિવારજનો અપહરણકર્તાઓ દ્વારા અપાતી ગંભીર ધમકીઓના કારણે પરિવારમાં પરત ફરવાની કોઈ આશા રહેતી નથી.રિપોર્ટમાં કહેવાયું છે કે પોલીસ સ્ટાફની અછતના કારણે આ અપહરણ કરનારાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી.ન્યાયિક પ્રક્રિયા કમજોર અને ધાર્મિક લઘુમતી પીડીતો પ્રત્યે પોલીસ અને ન્યાયપાલિકા ભેદભાવ રાખે છે.સંયુક્ત રાષ્ટ્ર આયોગે પ્રમુખ ઉદાહરણોનો હવાલો આપ્યો છે. કે દેશમા લઘુમતીઓ છે અને તેમને દ્રીતીય શ્રેણીના નાગરિકો તરીકે ચિત્રિત કરવામાં આવે છે.

આ ઉપરાંત ઈશનિંદા જેવા કેટલાક કેસોમાં કેટલાક વર્ષોથી જાણીતા બનેલા કેસોનો હજુ સુધી નિવેડો આવ્યો નથી. જેમાં પ્રમુખ તરફથી માફી મળી ગયેલા કેસોમાં પણ કેટલીક મહિલાઓ હજુ પણ જેલમાં સડી રહી છે.પાકિસ્તાનમાં ન્યાય પાલિકા હજુ સુધી સબળ રીતે કાર્યવાહી કરી શકી નથી.કટ્ટરપંથીઓનું વર્ચસ્વ ન્યાયપાલિકા, અને પોલીસતંત્ર ઉપર છે અને આ બાબતમાં કોઈ ડખલગીરી કરી શકે તેમ નથી.

## જાણવા જેવું !

૧૯મી સદીમાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈંચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.

# ભારતમાં ગંભીર આર્થિક મંદી, ઘટી રહેલી માંગ, મૂડી રોકાણ અને મહેસુલી આવકે વિકાસને રોક્યો,સરકારે તાતાકલિક પગલાં લેવા જોઇએ : આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું સુચન

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(આઈએમએફ)દ્વારા જણાવાયુ હતું કે ભારતમાં આર્થિક મંદી ગંભીર સ્થિતિ પર પહોચી છે. ભારત વૈશ્વિક વૃધ્ધિને ચાલક બળ પુરુ પાડતા અર્થતંત્રો પૈકીનું એક છે. તેથી ભારત સરકારે આર્થિક મંદી દુર કરવા માટે ઝડપથી પગલાં લેવા જોઈએ. ઘટી રહેલા માંગ, ઉપાડ,મુડી રોકાણ અને મહેસુલી આવકે અન્ય પરિબળો સાથે મળીને વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રો પૈકના એક ભારતીય અર્થતંત્રની ગાડીને બ્રેક મારી છે.

સાલગાડોએ જણાવ્યુ હતું કે જો ભારતીય આર્થિક મંદી વધુ ઘેરી બનશે તો ભારતીય રિઝર્વ બેન્ક પાસે હજુ વ્યાજદરોમાં વધુ ઘટાડો કરવાની તક છે. અમે હજુ પણ માનીએ છીએ કે ભારતમાં આર્થિક મંદી સ્ટ્રકચરલ નહીં પરંતુ સાઈક્લિક છે. ફાઈનાન્સિયલ સેકટરની સમસ્યાઓના કારણે અમે માનીએ છીએ કે ધાર્યા પ્રમાણે રીકવરી એટલી ઝડપી રહેશે નહીં. આ મુખ્ય સમસ્યા છે.સાલગાડોએ ભારતની આર્થિક મંદી પર આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. અને હાલની આર્થિક મંદીને આર્થિક કટોકટી ગણાવવાનો ઈન્કાર કર્યો હતો.તેમણે જણાવ્યુ હતું કે હાલની આર્થિક મંદીને આર્થિક કટોકટી કહી શકાય નહીં. આપણે ગ્રોથરેટમાં ઘટાડો જોયો છે. વિદેશી હુંડિયામણ, ફુગાવો જેવા પરિબળો નિયંત્રણમાં છે. સૌથી મહત્વની વાત એ છે કે ફાઈનાન્સીયલ સેકટરમાં સુધારા કરવામાં આવે.

આર્થિક સુસ્તી માટે જવાબદાર ગણાવેલા પરિબળોમાં ૧.એનબીએફસીની સમસ્યાો,વણસી ગયેલી ધિરાણની સ્થિતિ ૨.આવકમાં નબળો વધારો ,ગ્રામીણ વિસ્તારોમાં ઘટેલી ખપત. ૩.ફાઈનાન્સીયલ સેકટરની મુશ્કેલીઓમાં ખાનગી મુડી રોકાણમાં થયેલો ઘટાડો. અને ૪. રાષ્ટ્રવ્યાપી જીએસટીના અમલ સહિતના સ્ટ્રકચરલ સુધારા પણ જવાબદાર.

## જાણવા જેવું !

થાઈલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઈ સજાની જોગવાઈ નથી.

ભારતમાં ટપાલખાતામાં પીનકોડની પ્રથાની શરુઆત ૧૯૭૨થી અમલમાં આવી હતી.

૧૮૬૮માં બ્રિટીશરેલ રોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઈ ધરાવે છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૩૫૩૮૩૩૨૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.